# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૨૧-૦૬-૨૦૨૪ શુક્રવાર                    સમય : સાંજે ૬:25 કલાકે**

---

## યોગ દિવસ ઉજવણી:

આજે સમગ્ર વિશ્વમાં 10મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. શ્રીનગરનાં શેર-એ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્ર ખાતે મુખ્ય કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ સભાને સંબોધન કર્યું હતું અને યોગ સત્રમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ દેશવાસીઓને શુભકામના આપતાં સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે , યોગ એ માનવતાને ભારતે આપેલી અનોખી ભેટ છે. તો, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજભવનના પ્રાંગણમાં રાજભવન પરિવાર સાથે યોગ કર્યા હતા.

સ્વંય અને સમાજ માટે યોગની થીમ પર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ભારત પાકિસ્તાન સરહદ નડાબેટ ખાતે રાજ્યકક્ષાની આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે લોકોને દૈનિક જીવનમાં યોગ અપનાવવાનું આહ્વાન કર્યું.. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં જ્યારે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે સુરતમાં યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો..

કચ્છ મોરબી સાંસદ વિનોદ ચાવડાના અધ્યક્ષસ્થાને ભુજ સ્મૃતિવન ખાતે જિલ્લાકક્ષાના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે એશિયાના સૌથી મોટા "મિયાવાકી વન "ના આહ્લાદક વાતાવરણમાં યોજાયેલા કાર્યક્રમમાં ૨૫૦૦થી વધુ યોગપ્રેમીઓ જોડાયા હતા. આ તકે સાંસદ વિનોદ ચાવડા એ આ મુજબ જણાવ્યું...

(બાઈટ : સાંસદ વિનોદ ચાવડા)

સમગ્ર કચ્છમાં યોગ દિવસ નિમિત્તે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ,અને તાલુકાકક્ષા તથા જ્યાં નગરપાલિકા છે ત્યાં સંયુક્ત ઉપક્રમ સાથે કુલ ૧૦ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં નાગરિકો તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાશ્મીરનાં શ્રીનગરથી તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભ પટે લે નડાબેટ બનાસકાંઠાથી જીવંત પ્રસારણ દ્વારા જોડાઇ સંબોધન કર્યું હતું.

- (RNU અમદાવાદ અને પરેશ મારુ)

---

## બોર્ડ-પુરક પરીક્ષા:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ , ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાઓ તા.૨૪ જુન થી તા.૦૬ જુલાઈ દરમિયાન યોજાનારી છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રધના સ્થોળ અને તેની આજુબાજુના વિસ્તા રમાં સલામતીની વ્ય વસ્થા ગોઠવવા માટે પ્રતિબંધાત્મ ક હુકમો જારી કરાયા છે. આ પ્રતિબંધો શહેરની ૧૫ શાળાઓ, હાઈસ્કૂ લોની ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તાજરમાં પરીક્ષાના દિવસો દરમિયાન અમલમાં રહેશે.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## ગુજરાત પશુપાલન યોજના:

ગુજરાત સરકારના પશુપાલન વિભાગ દ્વારા પશુપાલન વ્યવસાયના વિકાસ અર્થે અમલીકૃત વિવિધ વ્યક્તિલક્ષી તેમજ સંસ્થાલક્ષી યોજનાઓનો લાભ લેવા માટે આઇ-ખેડૂત પોર્ટલ તા. ૧૫ જુલાઇ સુધી ખુલ્લું મુકવામાં આવ્યું છે.

સહાય યોજનાઓનો લાભ લેવા ઇચ્છતા પશુપાલકો આ સમયગાળામાં પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓ પૈકી પોતાને અનુકુળ એવી એક કે વધુ યોજનાઓ હેઠળ ઓનલાઇન અરજીઓ કરી શકે છે. હાલ પોર્ટલ પર અલગ અલગ કેટેગરીની કુલ ૨૮ યોજનાઓ માટે અરજી કરવાનું ચાલુ છે.

પશુપાલન ખાતાની સહાય યોજનાઓનો મહત્તમ લાભ લેવા માટે કચ્છના સર્વે પશુપાલકોને નાયબ પશુપાલન નિયામકશ્રી એચ.કે.ઠક્કરે અનુરોધ કર્યો હતો.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## એન.ડી.આર.એફ. ટીમ:

રાજ્યમાં હવે ચોસામાનો આરંભ થઇ ચૂક્યો છે.ત્યારે ચોમાસામાં કોઇપણ સ્થિતિને પહોચી વળવા ગાંધીનગરમાંથી રાજ્યના તંત્ર દ્વારા તકેદારીના પગલાં લેવાઇ રહ્યાં છે. જે અંતર્ગત કોઇપણ સ્થિતિમાં બચાવ અને રાહત કામગીરી ત્વરિત ગતિએ થઇ શકે તે માટે એનડીઆરએફની ત્રણ ટીમોને અલગ અલગ જીલ્લાઓમાં ફાળવી દેવાઇ છે. જેમાં ભૂજ, વલસાડ અને રાજકોટમાં એક એક ટીમ તૈનાત કરી દેવાઇ છે.. જેથી ચોમાસામાં કોઇપણ સ્થળે જ્યારે પણ જરૂર પડે ત્યારે એનડીઆરએફની ટીમ ત્વરિત ગતિએ પહોંચી શકે.

- (RNU અમદાવાદ)

---

## પોલીયો રવિવાર:

**નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે અંતર્ગત તા. 23 જુન પોલિયો રવિવાર દિવસ તરીકે ઉજવાશે..**

**- (જાગૃતિ વકીલ)**

---